મહત્તમ : ૨૭.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૮ ટકા

**ગાંધીનગર તાપમાન**

# વરસાદી માહોલમાં દાળવડા-ભજીયા ઓનડિમાન્ડ

## શહેરમાં મયુરના ભજીયા, મહારાજના દાળવડા અને રાધેના દાળવડા હોટ ફેવરીટ : ગરમા-ગરમ નાસ્તાઓ માટે શહેરીજનોની લાઈનો લાગી






ગાંધીનગર, તા.૧૯

વરસાદી મોસમ હોય અને ગરમા-ગરમ દાળવડા અને ભજીયા યાદ ન આવે એવું બની જ ન શશે. તેમાં પણ ગુજરાતીઓ માટે તો મનપસંદ ચોમાસાનો આ નાસ્તો કહેવાય ખરૂ ને..! પહેલો વરસાદ પડ્યો ત્યારથી શહેરમાં દાળવડા અને ભજીયાની ડિમાન્ડમાં ધરખમ વધારો થયો છે. શહેરીજનો બીજા બધા નાસ્તા સાઈડમાં મુકી ગરમા-ગરમ દાળવડા અને લીલા મરચાં ખાવાનું પસંદ કરી રહયા છે. આ ઉપરાંત ગરમા-ગરમ સ્પાઈસી ભજીયા ખાવાનું પસંદ કરી રહયા છે. શહેરમાં ભજીયા અને દાળવડાનું નામ પડે એટલે આ બે દુકાનો યાદી આવી જાય.. એક તો મયુરના ભજીયા અને બીજા મહારાજના દાળવડા..

ગાંધીનગરમાં વર્ષોથી મયુરના ભજીયા વખણાય છે. સચિવાલયનો સ્ટાફ રીસેસ ટાઈમમાં અહીંયા જોવા મળે. ચા સાથે ગરમા-ગરમ ભજીયા વર્ષોથી ખાવામાં આવી રહયા છે ભજીયા લેવા માટે તો ચોમાસામાં લાઈનો લાગે મયુર ભજીયાની દુકાનમાં. ત્યારે સેકટર-૧૭માં આવેલા મહારાજના દાળવડા પણ છેલ્લા ૫૩ વર્ષથી શરૂ છે જેનો સ્વાદ હજી પણ યથાવત્ છે. મહારાજના દાળવડાની લારી પર લોકો વરસાદમાં છત્રી લઈને પણ લાઈનમાં ઉભા જોવા મળે છે. એટલા પ્રિય આ મહારાજના દાળવડા છે. દાળવડાની સાથે તળેલા મરચાં અને ડુંગળી ખાવાની મજા જ કંઈક અલગ છે અને સાથે સાથે



મસાલા ચા મળી જાય તો વાત અનોખી..

ગાંધીનગરમાં સચિવાલય ઉપરાંત અન્ય જગ્યાઓ પર પાપડીનું ચલણ વધારે હતું. લોકો નાસ્તામાં પાપડી વધુ ખાતા હતા જેનું સ્થાન આ ગરમા ગરમ ભજીયા અને દાળવડાએ લીધું છે. દાળવડાએ ગાંધીનગરની ઓળખ સમાન ગણાય છે. લોકો પાપડીને ભુલ્યા અને દાળવડા અપનાવ્યા છે. દાળવડાની સાથે ખારી બીસ્કીટ ખાવામાં આવતી હતી. જો કે હજી પણ આ પરંપરા ચાલુ જ છે જેમને સ્વાદ માણ્યો છે તેઓ આ ખારી બિસ્કીટ વીથ દાળવડા કયારેય ન ભુલી શકે. આ ઉપરાંત ગાંધીનગરમાં જાણીતી રાધે સ્વીટ એન્ડ નમકીનમાં મળતાં દાળવડા પણ ફેમસ છે. હાલમાં શહેરીજનો ગરમા-ગરમ દાળવડા ખરીદતાં જોવા મળી રહયા છે. ગાંધીનગરમાં દરેક જગ્યાએ મળતા દાળવડા અને ભજીયાના સ્વાદ તથા તેની ચટણીમાં અલગત હોય છે. હાલમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે ગરમા-ગરમ નાસ્તાઓની આ દુકાનોમાં જમાવટ જોવા મળી રહી છે. નાની-મોટી પાર્ટીઓમાં પણ લોકો ગરમા-ગરમ ભજીયા અને દાળવડા ખાવાનું હમણાં પસંદ કરી રહયા છે. લોકો ઘરે લઈ જઈને પરિવારના સભ્યો સાથે અને મહેમાનો સાથે શહેરના પ્રખ્યાત દાળવડા અને ભજીયા માણી રહયા છે. ગૃહિણીઓ પણ વરસાદના આ દિવસોમાં ઘરમાં ગરમા-ગરમ ભજીયા અને દાળવડા બનાવતાં શહેરમાં ઘરે ઘરે ભજીયા-દાળવડાની સુગંધ આવી રહી છે. શહેરીજનો હમણાં આ બે વસ્તુઓની લિજ્જત માણતા જોવા મળી રહયા છે. નાના બાળકોથી લઈ તમામને પ્રિય આ ગરમા-ગરમ દાળવડા અને ભજીયા છે તેથી આ મોસમમાં શહેરીજનો તેનો ભરપૂર આનંદ માણી રહયા છે.

## એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળામાં કાગળમાંથી પક્ષી બનાવવાની પ્રવૃતિ




ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં ધો.૪ની વિદ્યાર્થીની બહેનોને ઈતર પ્રવૃતિના ભાગરૂપે કાગળમાંથી પક્ષી બનાવવાની પ્રવૃતિ કરાવવામાં આવી હતી. બધી જ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપુર્વક ભાવ લઈને રંગીન કાગળમાંથી રંગબેરંગી પક્ષી બનાવ્યા હતા. સંચાલન શાળાના શિક્ષિકા લતાબેન પટેલ, દક્ષાબેન પટેલ, પ્રજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## જે.બી.પ્રાથમિક શાળા દ્વારા ફુલની પાંદડીમાંથી નામ લખવાની સ્પર્ધા યોજાઈ




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૪ના વિદ્યાર્થીઓ માટે ફુલની પાંદડીમાંથી નામ લખવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ અને વાલીઓના સહકારથી ઘરેથી લાવેલ અલગ અલગ ફુલોની પાંદડીઓમાંથી વિવિધ ડિઝાઈન અને નામ લખ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને તથા વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## મંડપ ડેકોરેટર્સ એન્ડ લાઈટ સાઉન્ડ એસો.ની સભા મળી



ગાંધીનગર, તા.૧૯

મંડપ ડેકોરેટર્સ એન્ડ સાઉન્ડ એસોસિયેશન ગાંધીનગર જિલ્લાની સામાન્ય સભા માણસા રુદ્ર પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ હતી. કોરોના કાળના કારણે બે વર્ષથી મીટીંગ શક્ય ન હતી. આ વર્ષે મીટીંગમાં મૃતક સભ્યોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી તો આ વર્ષે સ્નેહમિલન કલોલ ખાતે યોજવાનું નક્કી કરાયું હતું. પીએસકેના ૮૫ ફોર્મ ભરાયા હતા. વર્ષ ૨૦૧૭/૧૮, ૨૦૧૮/૧૯ અને વર્ષ ૨૦ સુધીના ઓડીટ અહેવાલો હિસાબો સર્વાનુમતે મંજુર કરી બહાલી આપવામાં આવી હતી. મીટીંગમાં જિલ્લા પ્રમુખ નરેશભાઈ દવેના અધ્યક્ષસ્થાનો મહામંત્રી ભવાનસિંહ વાઘેલાએ મીટીંગનું સંચાલન કર્યું હતું. નરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. આ સભામાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં સભ્યો હાજર રહયા હતા.

### મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા

## મહિલાઓના ઉત્થાન માટે શક્તિ મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા મહિલાઓનાં સશક્તિકરણ માટે કાર્યરત મહિલા ઉધમીઓ દ્વારા ઉત્પાદિત અને નિર્મિત વસ્તુઓનાં વેચાણ અર્થે શક્તિ મેળો-૨૦૨૨ The power of women's Economy મેળાનું આયોજન લગ્નવાડી સેકટર-૭ ખાતે કરવામાં આવ્યું છે. આ મેળામાં ૧૦૦થી વધુ મહિલા ઉદ્યમીઓ ભાગ લેશે. આ મેળો તા.૨૩ થી ૨૯ જુલાઈ સુધી યોજાશે જેનું ઉદઘાટન તા.૨૩/૭/૨૦૨૨ના રોજ સાંજે પાંચ કલાકે મંત્રી, મેયર અને અન્ય પદાધિકારીઓ દ્વારા કરવામાં આવશે. સાત દિવસ ચાલનારા આ મેળામાં સહપરિવાર મુલાકાત લેવા અને ગ્રામીણ જરૂરીયાતમંદ મહિલાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ચીજવસ્તુઓની ખરીદી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## દશેલા ગામમાં જી.આર.ડી. જવાનોનો સાત દિવસનો તાલીમ કેમ્પ પૂર્ણાહૂતિ કાર્યક્રમ સંપન્ન

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામમાં જી.આર.ડી. જવાનોનો સાત દિવસનો તાલીમ કેમ્પ પૂર્ણાહુતિ કાર્યક્રમ જિલ્લાના માનદ સેવા અધિકારી ડૉ. નિખિલભાઈ શાહની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો. ગાંધીનગર જિલ્લાના બહિયલ ગામના વતની એવા ડૉક્ટર નિખિલભાઈ શાહ છેલ્લા ઘણા વર્ષોથી પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં ક્યાંય પાછી પાની કરતા નથી અને જનસેવા એજ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરવા સેવાકીય કાર્યોમાં અગ્રમત ધરાવે છે. તેઓ પ્રથમ જીઆરડીમાં સભ્ય તરીકે પસંદગી પામ્યા હતા. ત્યારબાદ ધીમે ધીમે પોતાની પ્રસંશનીય કામગીરીને લીધે હાલ ગાંધીનગર જિલ્લામાં માનદ્ અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે ત્યારે આજે ગાંધીનગર જિલ્લાના દશેલા ગામની જી.આર.ડી. જવાનોનું સાત દિવસીય કેમ્પની પૂર્ણાહુતિ સમયે જિલ્લાના જીઆરડીના અધિકારી ડૉ. નિખિલભાઈ શાહ, જિલ્લા માનદ અધિકારી મહેન્દ્રભાઈ વાઘેલા, જયંતીભાઈ ચૌધરી, વિષ્ણુભાઈ પરમાર અને અતિથિવિશેષ તરીકે દશેલાના પૂર્વ તાલુકા પ્રમુખ કાળુસિંહ ઠાકોર, આઈ.બી. વાઘેલા, સરપંચ જશુભાઈ પરમાર, નાથુભાઈ ચૌધરી, જી.આર.ડી. જવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. તમામ મહેમાનોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને પ્રશંસનીય કાર્યોને બિરદાવવી સેવા એજ ધર્મના સૂત્ર સાર્થક કરવા પ્રતિબદ્ધ વ્યક્ત કરી હતી.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧૫ લાભાર્થીને વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાચ્છા, જાભચિતરીયા, જાંબુડી તથા અણસોલ મુકામે ૧૧૫ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા, મગદાળ, એલઈડી બલ્બ, નાસ્તો વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. ચિતાણીયા, કમલેશ રાવલ, આર્યન ભીમજીભાઈ તથા મિલિન્દભાઈ સાથે રહ્યા હતા. ચોખા ડૉ. સુરેશભાઈ શાહ તરફથી પ્રાપ્ત થયા હતા.

## ગાંધીનગર જિલ્લાના પેન્શનર્સ જોગ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના પેન્શનર- કુટુંબ પેન્શનરોએ દર વર્ષે મે માસમાં જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય, ત્યાં જઈ વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવાની હોય છે. પરંતુ જે પેન્શનરોએ હજુ સુધી હયાતીની ખરાઈ કરાઈ નથી. તેમણે તા. ૩૧મી જુલાઈ, ૨૦૨૨ સુધીમાં પોતાની બેંકમાં જઈ હયાતીની ખરાઈ કરાવવા માટે તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે જણાવ્યું છે.

તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, સરકારી તિજોરીમાંથી પેન્શન મેળવતા તમામ પેન્શનર- કુટુંબ પેન્શનઓએ દર વર્ષે મે માસમાં તેઓ જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય, ત્યાં જઈ વાર્ષિક હયાતી ખરાઈ કરાવવાની રહેછે. જે પેન્શનરે મે માસમાં વાર્ષિક હયાતી ખરાઈ કરાવી શક્યા ન હોય તેઓએ જુલાઈ માસના અંત સુધીમાં વાર્ષિક હયાતી ખરાઈ કરાવી શકે છે.

બેંકમાં હયાતીની ખરાઈ કરાવવાની છેલ્લી તા. ૩૧મી જુલાઈ, ૨૦૨૨ છે. જિલ્લાના તમામ પેન્શનરઓએ નિયત સમયમર્યાદામાં હયાતી ખરાઈ કરાવી લેવાની રહેશે. તા. ૩૧મી જુલાઈ, ૨૦૨૨ સુધીમાં હયાતીની ખરાઈ ન કરાવનાર પેન્શનર- કુટુંબ પેન્શનનું પેન્શન ઓગષ્ટ પેઈડ ઈન સપ્ટેમ્બરના પેન્શનથી બંધ કરવાની જોગવાઈ છે, તેવું તિજોરી અધિકારી ( પેન્શન), ગાંધીનગરે જણાવ્યું છે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

સંસ્કૃતિ મહિલા પરિવારે શુભ શ્રાવણ માસમાં સોમનાથ, દીવ, વીરપુર, કાગવડનો પ્રવાસ ૨જી અને ૩જી ઓગષ્ટે આયોજન કરવામાં આવ્યું છે. તો જે બહેનોને આ પ્રવાસમાં જવાની ઈચ્છા હોય તેમણે આ બહેનોનો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવાનું રહેશે. પ્રતિભાબેન દવે (૯૧૦૬૮ ૨૮૨૦૯), દેવીબેન શુકલ (૬૩૫૫૫૧૪૬૮૪), અલ્પાબેન ગોર (૯૪૦૮૦ ૫૮૪૦૧), રાજશ્રીબેન ગાંધી (૯૦૨૩૦ ૩૫૦૧૯), જીજ્ઞા શાહ (૯૧૭૩૪૬૬૫૨૨)



જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા ગૌરી વ્રત નિમિત્તે અને જયાપાર્વતી વ્રત નિમિત્તે નાની બાળાઓને ડ્રાયફ્રુટ તેમજ ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૌરીવ્રત અને જયાપાર્વતી વ્રતનું આધ્યાત્મિક ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડો. ચેતના બુચ, સેક્રેટરી હર્ષાબા ધાંધલ, ઉપપ્રમુખ મીનાબેન શાહ, તારાબેન પટેલ, ડો. વંદનાબેન મેવાડા,મીનાબેન મિસ્ત્રી, શારદાબેન મકવાણા, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપપ્રમુખ નીરૂબેન નાયકનો આ કાર્યક્રમમાં ખૂબ સારો સહયોગ રહ્યો હતો.

## જન્મદિને વધામણી



રઘુસિંહ ગોલ
મો. ૯૮૨૫૪ ૮૧૨૭૭



દિલીપસિંહ રાણા
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



ઉલ્લાસબેન તેજસભાઈ દવે
મો. ૭૦૪૩૭ ૧૬૧૦૪



હરિભાઈ જે સોલંકી
મો. ૯૮૨૫૧ ૭૨૫૩૫



હિનાબેન
અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૫૯૧૬૩



વાળા યોગીરાજસિંહ વી
મો. ૯૮૨૪૦ ૪૯૫૫૯



ઋષાંત વિશાલ રાજદીપ



તીર્થ અલ્પેશકુમાર શ્રીમાળી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮



ક્રીશા કોશિક શ્રીમાળી



નીલ ઝાખાવાડિયા
મો. ૮૮૬૬૧ ૭૩૮૫૩

## સેકટર-૫/એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે ફળના હિંડોળા યોજાયા



ગાંધીનગર, તા.૧૯

સેકટર-૫-એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે સફરજન, ખારેક વિગેરે ફળના રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા કલાત્મક હિંડોળા યોજાયા હતા. આ સિવાય રાધાકૃષ્ણ મંડળ ના બહેનો દ્વારા મકાઈ, રાખડી, ફુલના , સુકામેવા તેમજ કઠોળ વિગેરેના હિંડોળા બનાવવામાં આવ્યું. જેનો સેકટર-૫/એની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં દર્શનનો લાભ લે છે. આજના હિંડોળા જયોતિ મહિલા મંડળ ગાંધીનગરના પ્રમુખશ્રી ચેતનાબેન બુચ, તથા અરૂણભાઈ બુચ તેમજ નિરૂબેન નાયક દ્વારા કરવામાં આવેલ છે. તથા આ કલાત્મક હિંડોળા નિરૂબેન નાયક તથા રાધાકૃષ્ણ મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયા હતા. સમગ્ર શ્રાવણ માસમાં બહેનો દ્વારા સંવારે શિવમહિમા સ્ત્રોતનો પાઠ કરી પુજન વિધી કરવામાં આવે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર શારદાબેન બળદેવજી, ઉ.વ.૪૮, પ્રાંતિયા
- સ્વ.વૈષ્ણવ મંદાકિની દિનેશચંદ્ર, ઉ.વ.૮૦, સેકટર-૭
- સ્વ.દંતાણી હિંમત ભીખાભાઈ, ઉ.વ.૩૦, રાંધેજા
- સ્વ.રાદડિયા રાધાબેન બાબુભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૨૩
- સ્વ.ગોહિલ ભારથુજી કાળુજી, ઉ.વ.૭૦, સેકટર-૭